ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### છોટાઉદેપુર ખાતે 'વિશ્વ હિપેટાઇટિસ દિવસ' નિમિત્તે જાગૃતતા રેલી અને સેમિનાર યોજાયો



**છોટાઉદેપુર** : ૨૮ જુલાઈ વિશ્વ હિપેટાઇટિસ દિવસ નિમિત્તે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પાઉલ વસાવાએ લીલી ઝંડી આપી રેલી પ્રસ્થાન કરાવી કાર્યક્રમ માં આરસીએચઓ ડો.મુકેશ પટેલ , જિલ્લા ક્ષય અધિકારી ડો બી.એમ ચૌહાણ સહિત, જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર ના વાલસિંગભાઈ,રાઠવા અશ્વિનભાઈ રાઠવા, જિલ્લા તાલીમ કેન્દ્ર ના સિનિયર મેડિકલ ઓફિસર ડો. આશિષ બારીયા સાથે તમામ તાલીમાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં આરોગ્ય કર્મચારીઓ, નર્સિંગ કોલેજ ના ઇન્ચાર્જ પ્રિન્સીપાલ સહિત વિદ્યાર્થિનીઓ અને એઆરટી સેન્ટર વેચાતભાઇ રાઠવા તથા આઇસીટીસી કાઉન્સિલર સંજયભાઈ રાઠવા સહિત NGOના પ્રતિનિધિઓ જાગૃતતા અભિયાનમાં અને સેમિનારમાં જોડાયા હતા. રેલી છોટાઉદેપુર નગરના મુખ્ય માર્ગો પર ફરીને લોકોને હિપેટાઇટિસ રોગ પ્રત્યે જાગૃત કરી પુન: જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે પરત ફરી હતી, જ્યાં તે એક સેમિનારમાં ફેરવાઈ ગઈ હતી.

### માસરની શ્રી ગિરધર વિદ્યાલયમાં એસ.એસ.સી.ના તેજસ્વી વિદ્યાર્થીઓનું ભવ્ય સન્માન



**પાદરા** : શ્રી ગિરધર કેળવણી મંડળ, માસર સંચાલિત શ્રી ગિરધર વિદ્યાલય ખાતે એસ.એસ.સી. પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનાર્થે વિદ્યાર્થી સન્માન સમારોહ-2026નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ સ્વર્ગસ્થ અંબાલાલ તળશીભાઈ પટેલ પરિવારના સૌજન્યથી યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદના સાથે કરવામાં આવી હતી. સમારોહમાં મોટી સંખ્યામાં વાલીશ્રીઓ, શિક્ષકગણ, ગામના આગેવાનો તેમજ આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોનું શાળા પરિવાર દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય હરનીશકાંત જી. પંચોલીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની મહેનત, શિસ્ત અને સિદ્ધિ સમગ્ર શાળા તેમજ ગામ માટે ગૌરવની બાબત છે.

### ક્વાંટના મહેન્દ્રસિંહ રાઠવા IFS કેડરમાં નોમિનેટ, છોટાઉદેપુર જિલ્લાના પ્રથમ અધિકારી બન્યા



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના નાનકડા ગામ અમલવાંટ ના વતની અને આદિવાસી રાઠવા સમાજના તેજસ્વી રત્ન મહેન્દ્રસિંહ રાઠવા નોમિનેટ થયા બાદ તાજેતરમાં ૨૪ જુલાઈ, ૨૦૨૬ ના રોજ સરકાર દ્વારા ભારતીય વન સેવા – આઇએફએસ અધિકારી તરીકે પોસ્ટિંગ થયા છે. આ સર્વોચ્ચ સિદ્ધિ મેળવનારા તેઓ છોટાઉદેપુર જિલ્લા તેમજ આદિવાસી રાઠવા સમાજના સૌપ્રથમ વ્યક્તિ બન્યા છે. IFS કેડરમાં નોમિનેટ થતાં જ સરકાર દ્વારા તેમની પ્રથમ નિયુક્તિ વડોદરા ખાતે કરવામાં આવી છે, મહેન્દ્રસિંહ રાઠવાના પિતાશ્રી રાયસિંહ રાઠવા વન વિભાગમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO) તરીકે લાંબી અને પ્રશંસનીય સેવાઓ આપીને નિવૃત્ત થયા છે. પિતાના વન સંરક્ષણ અને દેશસેવાના આ જ વારસાને આગળ ધપાવતા અને તેમની પ્રેરણાથી જ પુત્રએ હવે સીધા દેશની સર્વોચ્ચ કેડર (IFS) માં સ્થાન મેળવીને પિતા, પરિવાર અને સમગ્ર રાઠવા સમાજનું નામ દેશભરમાં રોશન કર્યું છે. તેમની શૈક્ષણિક અને વ્યવસાયિક સફર અત્યંત તેજસ્વી અને નવી પેઢી માટે માર્ગદર્શક રહી છે,ઉચ્ચ શિક્ષણ તેમણે ગુજરાતની પ્રતિષ્ઠિત નિરમા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ખાતેથી બી.ઈ. ઇલેક્ટ્રિકલ (B.E. Electrical) ની ઉચ્ચ પદવી મેળવી હતી.

### ગૌરીવ્રત નિમિત્તે આર. બી. પટેલ વિદ્યાલયમાં મહેંદી સ્પર્ધા યોજાઈ, કુંવારિકાઓએ ઉત્સાહભેર ભાગ લીધો



**પાદરા** : ગૌરીવ્રતના પાવન અવસરે શ્રી આર. બી. પટેલ વિદ્યાલય ખાતે 'માઁ લીલાગરી ચેરીટેબલ ટ્રસ્ટ' અને મેહુલ અમીનના સૌજન્યથી "ગોરમાના વ્રતનો હરખ અને હાથોમાં મહેંદીનો રંગ" કાર્યક્રમ અંતર્ગત કુંવારિકાઓ માટે વિનામૂલ્યે મહેંદી મૂકવાની તેમજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં ધોરણ 9 અને 10માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે તમામ કુંવારિકાઓને વિનામૂલ્યે મહેંદીના કોનનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ મહેંદી મૂકવાની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સ્પર્ધામાં ઉત્કૃષ્ટ કૃતિઓ રજૂ કરનાર વિદ્યાર્થીનીઓને મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહક ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે સુહાના સલીમભાઈ મલેકને વડોદરાના AEI રાકેશભાઈ પટેલના હસ્તે, દ્વિતીય ક્રમે સોનેરા શરીફભાઈ મલેકને મેહુલ અમીનના હસ્તે તથા તૃતીય ક્રમે રિઝવાના મહેબુબભાઈ ચાવડાને શાળાના આચાર્ય રાજેશભાઈ અમીનના હસ્તે ઇનામ એનાયત કરવામાં આવ્યા હતા.

### આધાર કાર્ડમાં મહિલાઓના નામ સુધારાની મર્યાદા દૂર કરવાની મુખ્યમંત્રીને રજૂઆત

**સંખેડા** : સામાજિક કાર્યકર જયેશ જે. રોય દ્વારા ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીને લેખિત રજૂઆત કરીને મહિલાઓના આધાર કાર્ડમાં નામ સુધારાની પ્રક્રિયા સંબંધિત પ્રવર્તમાન મર્યાદાઓ દૂર કરવા તથા જરૂરી કાયદાકીય અને વહીવટી સુધારાઓ માટે કેન્દ્ર સરકાર સમક્ષ યોગ્ય રજૂઆત કરવાની માંગ કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે લગ્ન, છૂટાછેડા, પુનઃલગ્ન, દત્તક, અદાલતના હુકમ, ગેઝેટ નોટિફિકેશન અથવા અન્ય કાયદેસર કારણોસર મહિલાઓના નામ, અટક અથવા ઓળખ સંબંધિત વિગતોમાં એકથી વધુ વખત ફેરફાર કરવાની આવશ્યકતા ઊભી થઈ શકે છે. તેમ છતાં, આધાર કાર્ડમાં નામ સુધારાની સંખ્યાને લગતી મર્યાદાના કારણે ઘણી મહિલાઓને યોગ્ય દસ્તાવેજો હોવા છતાં સુધારો કરાવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ પરિસ્થિતિના પરિણામે આધાર કાર્ડ અને અન્ય જાહેર દસ્તાવેજો વચ્ચે અસંગતતા સર્જાય છે, જેના કારણે બેંકિંગ વ્યવહાર, મિલકતના હકો, સરકારી કલ્યાણકારી યોજનાઓ, પેન્શન, શિક્ષણ, આરોગ્ય સેવાઓ તેમજ અન્ય કાયદાકીય અને વહીવટી પ્રક્રિયાઓમાં મહિલાઓના અધિકારોના અસરકારક ઉપયોગમાં અવરોધ ઊભા થાય છે. અંતમાં મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરવામાં આવી છે કે રાજ્ય સરકાર આ મુદ્દે સંવેદનશીલ અભિગમ અપનાવી કેન્દ્ર સરકાર અને સંબંધિત સત્તાધિકારી સમક્ષ જરૂરી કાયદાકીય તથા વહીવટી સુધારાઓ માટે યોગ્ય રજૂઆત કરે, જેથી મહિલાઓને અનાવશ્યક વહીવટી અને કાયદાકીય મુશ્કેલીઓમાંથી કાયમી રાહત મળી શકે.

---

માંગ નહીં સ્વીકારાય તો આંદોલન અને ચૂંટણી બહિષ્કારની ચેતવણી

## ઝરી, ભાભર અને કાલિકોઈને અલગ કરી નવી ઝરી જૂથ ગ્રામ પંચાયત બનાવવાની ઉગ્ર માંગ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.28
સ્થાનિક સ્તરે સરકારી તંત્ર અને પંચાયતી રાજના વહીવટની ખામીઓના કારણે પ્રજા કેવી હાલાકી ભોગવે છે તેનો જીવતો જાગતો કિસ્સો કદવાલ જૂથ ગ્રામ પંચાયતમાં જોવા મળી રહ્યો છે. વહીવટી સુવિધાના સદંતર અભાવ અને સ્થાનિક વિકાસથી વંચિત એવા ઝરી, ભાભર (વડલી) અને કાલીકોઈ ગામના લોકોએ હવે અન્યાય સામે રણશિંગું ફૂંક્યું છે. આ ત્રણેય ગામોને કદવાલ જૂથ ગ્રામ પંચાયતમાંથી સત્તવરે છૂટા પાડી, નવી ઝરી જૂથ ગ્રામ પંચાયતની રચના કરવા માટે જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ



અધિકારી ને પુરાવા સાથેનું આક્રમક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

સરકારી આંકડાઓ મુજબ ઝરી ગામની વસ્તી ૨૨૪૮, ભાભરની ૯૧૭ અને કાલિકોઈની વસ્તી ૩૮૪ મળીને કુલ ૩,૫૪૯થી વધુની વસ્તી થાય છે. સરકારી નિયમો અનુસાર આ વસ્તી સ્વતંત્ર જૂથ પંચાયત બનાવવા માટે સંપૂર્ણપણે લાયક અને સક્ષમ છે. આમ છતાં, આ ત્રણેય ગામોને કદવાલ પંચાયત હેઠળ જકડી રાખવામાં આવ્યા છે. મુખ્ય મથક કદવાલ અહીંથી ૩ થી ૪ કિલોમીટર દૂર આવેલું હોવાથી સામાન્ય ગરીબ આદિવાસી અને મધ્યમવર્ગીય પરિવારોને નાનામાં નાના સરકારી દાખલા, આવકના પ્રમાણપત્રો કે વિધવા સહાય અને આવાસ યોજનાના ફોર્મ ભરવા માટે આખો દિવસ બગાડીને કદવાલના ધક્કા ખાવા પડે છે.

સ્થાનિક ગ્રામજનો અને અગ્રણીઓએ ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, કદવાલ જૂથ પંચાયતમાં સમાવિષ્ટ હોવાના કારણે નાણાપંચ અને સરકાર તરફથી મળતી ગ્રામીણ વિકાસની લાખો રૂપિયાની ગ્રાન્ટોનો મોટો હિસ્સો મુખ્ય ગામમાં જ વપરાઈ જાય છે. જ્યારે ઝરી, ભાભર અને કાલિકોઈ જેવા પરાં સમાન ગામોમાં રોડ-રસ્તા, પીવાનું શુદ્ધ પાણી, સ્ટ્રીટ લાઈટ અને ગટર જેવી પ્રાથમિક સુવિધાઓનો આજે પણ સદંતર અભાવ જોવા મળી રહ્યો છે. આ ભૌગોલિક અન્યાય હવે ગ્રામજનો સહન કરવાના મૂડમાં નથી. ઝરી અને આસપાસના ગામના જાગૃત નાગરિકોએ વહીવટી તંત્રને સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો આગામી દિવસોમાં કદવાલ પંચાયતનું વિભાજન કરીને 'ઝરી જૂથ ગ્રામ પંચાયત' મંજૂર કરવાની સત્તાવાર પ્રક્રિયા શરૂ કરવામાં નહીં આવે, તો ત્રણેય ગામના સમસ્ત અગ્રણીઓ, યુવાનો અને મહિલાઓ ભેગા મળીને ઉગ્ર આંદોલન કરશે.

## અત્રોલીમાંથી રૂા. ૧૧.૬૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**૧,૬૧૨** બોટલ સાથે નંબર વગરની કાર પકડી; ચાલક ફરાર, એક શખ્સની અટકાયત

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 28
છોટાઉદેપુર તાલુકાના અત્રોલી ગામની સીમમાં રોડ ઉપરથી પોલીસે વિદેશી દારૂના મોટા જથ્થા સાથે એક અર્ટિગા ગાડી ઝડપી પાડી હતી. પોલીસે આ રેડ દરમિયાન દારૂ, વાહન અને મોબાઈલ મળી કુલ રૂપિયા ૧૧,૬૬,૨૮૮/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, છોટાઉદેપુર એલ.સી.બી.ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી.



બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમે અત્રોલી ગામના રોડ ઉપર વોચ ગોઠવીને નાકાબંધી કરી દીધી હતી. બાતમી મુજબની શંકાસ્પદ અર્ટિગા ગાડી ઘટનાસ્થળે આવતા જ પોલીસે તેને ચારેય બાજુથી કોર્ડન કરી ઉભી રાખી હતી. જોકે, પોલીસને જોઈને ગાડીનો ચાલક ચાલુ ગાડીએ નીચે ઉતરીને ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. પરંતુ પોલીસે ગાડીની ડ્રાઈવર સીટની બાજુમાં બેસેલા અન્ય એક ઈસમને કોર્ડન કરીને દબોચી લીધો હતો.

---

નિયમો અને બેઠકો વિના વહીવટ: અન્ય શિક્ષકો અને આચાર્યોમાં ફફડાટ

## લુણા પ્રાથમિક શાળાના આચાર્ય સસ્પેન્ડ, નાણાકીય અનિયમિતતા મામલે કાર્યવાહી

**ગુજરાત** સિવિલ સર્વિસ નિયમો હેઠળ સસ્પેન્શનનો હુકમ

(પ્રતિનિધિ) પાદરા, તા.28
વડોદરા જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત પાદરા તાલુકાની લુણા પ્રાથમિક શાળાના આચાર્ય દેવેન્દ્ર પટેલને નાણાકીય અનિયમિતતાના ગંભીર આરોપોને પગલે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મહેશ પાંડે દ્વારા તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, શાળાની એસએમસી (સ્કૂલ મેનેજમેન્ટ કમિટી)ના સભ્ય મેઘાબેનની કથિત રીતે મોટી સહી કરીને બેંક ઓફ બરોડા, પાદરા શાખામાંથી 2.40 લાખની નાણાકીય લેવડદેવડ કરવામાં આવી હોવાની ફરિયાદ તેમના પરિવારજનો દ્વારા શિક્ષણ વિભાગમાં ઉચ્ચ કક્ષાએ કરવામાં આવી હતી.

ફરિયાદના આધારે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મહેશ પાંડેના આદેશથી તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, બીઆરસી અને સીઆરસીની સંયુક્ત તપાસ ટીમને લુણા પ્રાથમિક શાળામાં તપાસ માટે મોકલવામાં આવી હતી. તપાસ દરમિયાન આચાર્ય દેવેન્દ્ર પટેલે લેખિતમાં હકીકત સ્વીકારી હોવાનું તપાસ રિપોર્ટમાં નોંધાયું હોવાનું જાણવા મળ્યું છે. તપાસમાં નાણાકીય અનિયમિતતા તેમજ શાળાના વહીવટમાં ક્ષતિઓ સામે આવતાં સમગ્ર અહેવાલ જિલ્લા શિક્ષણ સમિતિને મોકલવામાં આવ્યો હતો.

આ રિપોર્ટના આધારે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ ગુજરાત સિવિલ સર્વિસ (શિસ્ત અને અપીલ) નિયમો, 1998 હેઠળની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરતાં દેવેન્દ્ર પટેલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી સાવલી તાલુકાના ધનતેજ ખાતે હેડક્વાર્ટર ન છોડવાની શરતે ફરજ મોકૂફ કરવાનો હુકમ કર્યો છે.

## સાધલીની ત્રણ સસ્તા અનાજની દુકાનો છે જે ૮ મહિનાથી બંધ

**૯૦** દિવસના સસ્પેન્શન બાદ પણ નિર્ણય નહીં; એક જ દુકાન પર ભારણ વધતાં લાંબી કતારો

(પ્રતિનિધિ) શિનોર, તા. 28
તાલુકાના સાધલી ગામની ત્રણ સસ્તા અનાજની દુકાનો 8 મહિનાથી વધુ સમયથી બંધ હોવાથી રેશનકાર્ડ ધારકોને મુશ્કેલી પડી રહી છે આ મુશ્કેલી વહેલી તકે ઉકેલવાની માંગ ઊઠી છે. વડોદરા જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા તા. 07-08-2025ના રોજ સાધલી ગામના ત્રણ સસ્તા અનાજના વેપારીઓના પરવાના જથ્થામાં તફાવત નોંધાતા 90 દિવસ માટે વચગાળે મોકૂફ રાખવામાં આવ્યા હતા. જેમાં (1) રાઠોડ સબીરભાઈ ઈશબભાઈ, (2) રાઠોડ નિયામતખાં દિલાવરખાં અને (3) સૈયદ સોયેબહુસેન લિયાકતઅલીનો સમાવેશ થાય છે. આ હુકમ બાદ મામલતદાર, શિનોર દ્વારા રેશનકાર્ડ ધારકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે 90 દિવસની મુદત તા. 07-11-2025ના રોજ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં આજે આઠ મહિનાથી વધુ સમય વીતી ગયો છે, છતાં ત્રણેય દુકાનો હજુ સુધી શરૂ કરવામાં આવી નથી. પરિણામે એક જ દુકાન પર ભારે ભારણ આવી રહ્યું હોવાથી ગ્રાહકોને લાંબી રાહ જોવી પડે છે અને અગવડતા વેઠવી પડી રહી છે. પુરવઠા અધિકારીએ પોતાના હુકમમાં અન્ય કાયદેસરની કાર્યવાહી ચાલુ રાખવાની સ્પષ્ટ નોંધ કરી હતી.

### મુવાલ ચોકડી પાસે ઓવરટેકમાં બાઈક સ્લીપ થતાં યુવકનું કરૂણ મોત

પાદરા : પાદરા તાલુકાના વડુ વિસ્તારમાં મુવાલ ચોકડીથી બ્રિલિયન્ટ સ્કૂલ વચ્ચે બેદરકારીપૂર્વક બાઈક ચલાવવાના કારણે સર્જાયેલા અકસ્માતમાં એક યુવકનું કરુણ મોત નીપજતાં વડુ પોલીસે બાઈકચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદ મુજબ, ગત રોજ સાંજે આશરે 7:30 વાગ્યે હિમાંશુભાઈ રણજીતભાઈ બારીયા પોતાના કબજાની ટીવીએસ મોટરસાયકલ પર મુવાલ ચોકડીથી બ્રિલિયન્ટ સ્કૂલ તરફ જઈ રહ્યા હતા.દરમિયાન આગળ ચાલતા ટ્રક ને ઓવરટેક કરવાનો પ્રયાસ કરતાં બાઈક પરથી કાબૂ ગુમાવતા મોટરસાયકલ સ્લીપ થઈ ગઈ હતી. પાછળ બેઠેલા વિશાલભાઈ નગીનભાઈ ચાવડા ટ્રકના પાછળના પૈડાં નીચે આવી જતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

### ડભાસા નજીક પૂરઝડપે દોડતી બાઈક કાર સાથે અથડાઈ, બે ઘાયલ

પાદરા: પાદરા-જંબુસર રોડ પર ડભાસા ગામના નાયરા પેટ્રોલ પંપ નજીક પૂરઝડપે દોડી રહેલી બાઈક આગળ ચાલતી કાર સાથે અથડાતાં બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચતા પાદરા પોલીસે બાઈકચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદ મુજબ, ખોરજાની તલાવડી, પાદરા ખાતે રહેતા વિરલકુમાર રાવજીભાઈ પઢિયાર પોતાના મિત્ર વિશાલકુમાર રાજુભાઈ પઢિયાર સાથે ગતરોજ રાત્રે હોન્ડા હોર્નેટ મોટરસાયકલ પર ડભાસા ગામે જમવા માટે જઈ રહ્યા હતા. રાત્રે આશરે 8:30 વાગ્યે નાયરા પેટ્રોલ પંપ નજીક પહોંચતા બાઈકચાલક વિશાલકુમારે બાઈક પૂરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારી આગળ ચાલતી મારુતિ સ્વિફ્ટ કાર ના પાછળના ભાગે ધડાકાભેર અથડાવી હતી.

બોગસ પ્રમાણપત્રો અટકાવી સાચા હકદારોને ન્યાય આપવા માંગ

## જાતિ ખરાઈના નિર્ણયને આદિવાસી યુવા સમિતિનું સમર્થન: કલેક્ટરને આવેદન

**વિલનેષણ** સમિતિ દ્વારા વિલંબ વગર ઝડપથી ખરાઈ કરવા કલેક્ટરને આવેદનપત્ર

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.28
રાજ્ય સરકાર દ્વારા માધ્યમિક સ્તરથી શરૂ કરીને કોઈપણ સ્તરના શિક્ષણમાં પ્રવેશ મેળવવા માટે, સરકારી નોકરીમાં સીધી નિમણૂક કે બઢતી મેળવવા માટે, અથવા કોઈપણ રાજનીતિક ક્ષેત્રે અનુસૂચિત જનજાતિ (ST) તરીકે ઉમેદવારી નોંધાવવા કે નિમણૂક મેળવવા માટે જાતિ પ્રમાણપત્રની ખરાઈ (જાતિ ખરાઈ) કરાવવી અનિવાર્ય કરવામાં આવી છે.



સરકારના આ નિર્ણયને આદિવાસી યુવા સમિતિ, છોટાઉદેપુર તેમજ સમગ્ર છોટાઉદેપુર જિલ્લાની તમામ જનજાતિ સમુદાયસમર્થન આપે છે. તેમ જણાવ્યું હતું અને રજૂઆત કરી હતી કે કે આ નિર્ણય અનુસાર જે પણ વ્યક્તિઓએ અનુસૂચિત જનજાતિ (ST) ના આધારે નિમણૂક મેળવી છે અથવા ભવિષ્યમાં મેળવનાર છે. તે તમામની અત્યંત ચોકસાઈપૂર્વક અને તટસ્થ રીતે જાતિ ખરાઈ કરવામાં આવે, જેથી ખરેખર પાત્રતા ધરાવતા આદિવાસી સમાજના યુવાનોને તેમનો વ્યાજબી હક અને ન્યાય મળી રહે. સાથે તેમણે જણાવ્યું હતું કે વિશ્લેષણ સમિતિ દ્વારા ક્યારેક મહિનાઓ સુધી ખરાઈ કરવામાં વિલંબ કરવામાં આવે છે જેથી યુવાનો ને ઉચ્ચ શિક્ષા કે નોકરી મેળવવામાં તકલીફ પડી રહી છે. તો જાતિના દાખલાની ખરાઈ ઝડપથી થાય તે ઈચ્છનીય છે. તેવી આવેદનપત્રમાં માંગ કરી રજૂઆત કરી હતી.

## ડબકા ગામમાં બંધ મકાનમાંથી ૧.૬૧ લાખના દાગીનાની ચોરી

**બંધ** મકાનને નિશાન બનાવી લાખોની મત્તા પર હાથફેરો

(પ્રતિનિધિ) પાદરા, તા. 28
પાદરા તાલુકાના ડબકા ગામમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી મુખ્ય દરવાજાનો નકૂચો તોડી ઘરમાં પ્રવેશ કરી રૂ.1.61 લાખની કિંમતના સોનાના દાગીના અને ચાંદીના સિક્કાની ચોરી કરતાં વિસ્તારમાં ચકચાર મચી છે. બનાવ અંગે વડુ પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, ડબકા ગામના સિકોતરમાતા રોડ પર ટેલિફોન ટાવર સામે રહેતા નિવૃત્ત અરવિંદસિંહ હમીરસિંહ ગોહિલના બંધ મકાનમાં ગત રાત્રી દરમિયાન તસ્કરો ત્રાટક્યા હતા. મુખ્ય દરવાજાનો નકૂચો તોડી તેઓ ઘરમાં પ્રવેશ્યા હતા અને લાકડાના કબાટનું તાળું તોડી તેમાં રાખેલી ચાર સોનાની વીંટીઓ (કુલ વજન આશરે 15.27 ગ્રામ) તથા પાંચ ચાંદીના સિક્કાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

ચોરી ગયેલી મત્તામાં સોનાની વીંટીઓની કિંમત રૂ.1.53 લાખ અને ચાંદીના સિક્કાની કિંમત રૂ.8 હજાર મળી કુલ રૂ.1.61 લાખની મત્તા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પીઆઈ જે.પી. ગઢવીના માર્ગદર્શન હેઠળ પોલીસે આરોપીઓને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## ૯ મહીનાથી ફરાર આરોપી છોટાઉદેપુર પોલીસે ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 28
પોલીસ અધિક્ષક ઈમ્તીયાઝ શેખના માર્ગદર્શન હેઠળ છોટાઉદેપુર જિલ્લામાં તેમજ જિલ્લા અને રાજ્ય બહારના ગુનાઓમાં ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે ચાલી રહેલી ઝુંબેશ દરમિયાન પેરોલ-ફર્લો સ્કવોડને મહત્વની સફળતા મળી છે. પોલીસ અધિક્ષક ઈમ્તીયાઝ શેખે તમામ પોલીસ મથકો અને શાખાના ઈન્ચાર્જોને ફરાર આરોપીઓની શોધખોળ કરી અસરકારક કાર્યવાહી કરવા સૂચના આપતા, પેરોલ-ફર્લો સ્કવોડના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.કે. પંડ્યાના માર્ગદર્શન હેઠળ પોલીસ કોન્સ્ટેબલ તખતસિંહને હ્યુમન સોર્સના આધારે ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે કાર્યવાહી



કરતાં વડોદરા ગ્રામ્ય જિલ્લાના ડભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા C પાર્ટ ગુનો રજીસ્ટર નં. 11197014252091/2025 હેઠળ પ્રોહિબિશન અધિનિયમની કલમ 65(A)(E) અને 98(2) મુજબના ગુનામાં છેલ્લા નવ મહિનાથી પોલીસ પકડથી દૂર નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપીની B.N.S.S.-2023 ની કલમ 35(1)(J) હેઠળ અટકાયત કરી વધુ કાયદેસરની કાર્યવાહી માટે છોટાઉદેપુર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

## લાવોકોઈ પુલની પેરાફીટ તૂટતાં અકસ્માતનો ભય

**R&Bની** બેદરકારીથી વાહનચાલકો જોખમમાં

(પ્રતિનિધિ) નસવાડી, તા. 28
છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના લાવોકોઈ ગામ નજીક મેણ નદી પર રાજ્ય માર્ગ અને મકાન (R|B) વિભાગ દ્વારા બનાવવામાં આવેલ આશરે 100 મીટર લાંબા પુલની પેરાફીટ (સુરક્ષા દિવાલ)નો એક ભાગ તૂટી જતાં વાહનચાલકો માટે ગંભીર અકસ્માતનો ભય ઊભો થયો છે. રોજબરોજ આ માર્ગ પરથી મોટી સંખ્યામાં બાઈક, કાર, બસ તેમજ ભારે વાહનોની અવરજવર થતી હોવાથી કોઈપણ સમયે મોટી દુર્ઘટના સર્જાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ પુલની પેરાફીટ તૂટ્યા બાદ પણ લાંબા સમયથી તેનું સમારકામ કરવામાં આવ્યું નથી. તૂટેલી જગ્યા



પર કોઈ ચેતવણી બોર્ડ, બેરિકેડ કે રિફ્લેક્ટર પણ મૂકવામાં આવ્યા નથી. પરિણામે ખાસ કરીને રાત્રિના સમયે અથવા વરસાદી માહોલમાં અજાણ્યા વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ અનેકગણું વધી જાય છે. સ્થળ પર જોવા મળતી સ્થિતિ મુજબ જો કોઈ વાહનચાલકનું સ્ટિયરિંગ થોડું પણ કાબૂ બહાર જાય અથવા સામેથી આવતા વાહનને બચાવવાના પ્રયાસમાં વાહન બાજુએ ખસી જાય તો સીધું પુલની નીચે મેણ નદીમાં પટકાઈ શકે તેવી ભયજનક સ્થિતિ છે. હાલ વરસાદી ઋતુ ચાલી રહી હોવાથી રસ્તો ભીનો રહે છે અને લપસણો બનતા અકસ્માતની સંભાવના વધુ વધી રહી છે.

## છોટાઉદેપુરમાં મંત્રી રિવાબા જાડેજાએ લીધી રીવ્યુ બેઠક

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 28
છોટાઉદેપુર જિલ્લા સેવાસદનના સંકલન હોલ ખાતે રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાના અધ્યક્ષસ્થાને શિક્ષણ વિભાગની રીવ્યુ બેઠક યોજાઈ હતી. આ સમીક્ષા બેઠકમાં જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની શૈક્ષણિક કામગીરી, માળખાકીય સુવિધાઓ તેમજ શૈક્ષણિક યોજનાઓના અમલીકરણ અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીએ જિલ્લાના તમામ તાલુકાઓમાં 'શાળા ગુણોત્સવ' અને 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' અંતર્ગત શાળાઓની સ્થિતિ અંગે સમીક્ષા હાથ ધરી હતી. રાજ્યકક્ષાના



શિક્ષણ મંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, આદિવાસી અને છેવાડાના વિસ્તારોના બાળકો પણ ગુણવત્તાસભર શિક્ષણથી વંચિત ન રહે તે જોવાની પ્રાથમિક જવાબદારી શિક્ષણ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્રની છે. તેમણે શાળાઓમાં બાળકોના પાયાના શિક્ષણ જેવા કે વાંચન, લેખન અને ગણન માં કોઈ કાચપ ન રહે માટે વિશેષ ધ્યાન આપવા તાકીદ કરી હતી.

શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની નિયમિત હાજરી, ડિજિટલ ક્લાસરૂમ, પીવાના શુદ્ધ પાણી, શૌચાલયો અને વીજળી જેવી પાયાની સુવિધાઓની સમીક્ષા કરી હતી.